વંચાણે લીધું:

(૧) ગુજરાત માલ અને સેવા અધિનિયમ ૨૦૧૭ અને કેન્દ્રીય માલ અને સેવા અધિનિયમ ૨૦૧૭ ની કલમ-68, કલમ-129 અને કલમ-૧૩૦ ની જોગવાઈ

(૨) વાહન નં MH-01-CV-4896 પરત્વે તા. 30/૧૨/૨૦૨૧ રોજ ઇસ્યુ કરેલ કલમ-૧૩૦ અન્વયેની Mov-10 નોટીસ

(3) તા. ૨૨/૦૧/૨૦૨૨ ના રોજ Mov- 11 થી કરેલ માલ જપ્તી આદેશ

(4) તા. ૧૬/૦૬/૨૦૨૨ ના રોજ દૈનિક વર્તમાનપત્રો ગુજરાત સમાચાર અને સંદેશમાં પ્રસિદ્ધ કરેલ માલિકી હક્ક માટેની જાહેર નોટીસ

(૪) તા. ૦૧/૦૭/૨૦૨૨ ના રોજ હરાજીના હેતુસર અપસેટ કિંમત કરવા યોજાયેલ કમિટી મિટિંગ દ્વારા પસાર કરવામાં આવેલ ઠરાવ

..........................................................................................................................................

ક્રમાંક: ના.રા.વે.ક./વાપી/અન્વે-૮/ભીલાડ.મો.સ્કો.રા.વે.અ-૧/ઓન લાઇન હરાજી/૨૦૨૨-૨૩/ જા. ૫૪/૫૭

નાયબ રાજ્યવેરા કમિશનરશ્રીની કચેરી,
અન્વેષણ-વાપી, વિભાગ-૮,
ત્રીજો માળ, તાલુકા સેવા સદન, બલિઠા,
વાપી, જી-વલસાડ-૩૯6191.
તા: ૦૫-૦૭-૨૦૨૨

## ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ ૨૦૧૭ અને કેન્દ્રીય માલ અને વેરા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૧૩૦ અન્વયે જાહેર હરાજી અંગેનું જાહેરનામું નોટીસ

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ -૨૦૧૭ તથા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ -૨૦૧૭ ની કલમ -૬૮(3) અન્વયેની મોબાઈલ સ્ક્વોડની ફરજ દરમ્યાન તત્કાલિન પ્રોપર ઓફિસરશ્રી દ્વારા તા. ૨૩/૧૨/૨૦૨૧ ના રોજ રાત્રે ૦૯.૨૦ કલાકે ભિલાડ ખાતે વ્હીકલ નંબર MH-01-CV-4896 અટકાવી તેમા વહન થતા માલની ચકાસણી કરતા સદર માલ ભાવનગર, ગુજરાત થી મુંબઈ, મહારાષ્ટ્ર ખાતે વહન કરવામાં આવી રહેલ હતો. જે અંગે વ્હીકલ નંબર MH-01-CV-4896 ના ડ્રાઇવર શ્રી રહેશ ખાનને વાહનમાં રહેલ માલ અંગેના જરૂરી દસ્તાવેજો રજૂ કરવા જણાવતા તેઓ દ્વારા પરચૂરણ માલના ઇનવોઇસ તેમજ તેને લગતા ઇ વે બીલ રજૂ કરવામાં આવેલ.વાહનની અટકાયત બાદ ભૌતિક ચકાસણી કરતાં રજૂ કરેલ ઇનવોઇસ તથા ઇ વે બીલમાં દર્શાવેલ માલ સિવાય અન્ય માલ, સ્વસ્તિક બ્રાન્ડ તપકીર( છીંકણી 50 ગ્રામ પેકેટ,કુલ 1000 કિલોગ્રામ) મળી આવેલ જે અંગે વાહન અટકાયત સમયે કોઇ ઇનવોઇસ કે ઇ વે બીલ ડ્રાઇવર દ્વારા રજૂ કરવામાં આવેલ ન હતું. જેથી કરચોરીનો ઇરાદો જણાઇ આવતો હોઇ તેમ માનવાને



Scanned with CamScanner

કારણ હોઈ તત્કાલીન પ્રોપર ઓફિસરશ્રી દ્વારા SGST ACT -2017 અને CGST ACT-2017ની કલમ-૧૩૦ અન્વયે નોટિસ MOV-10 તારીખ ૩૦-૧૨-૨૦૨૨ ના રોજ ઇસ્યુ કરેલ. વધુમાં અત્રેથી ઈસ્યુ કરવામાં આવેલ નોટિસ MOV-10 અન્વયે કોઇ વ્યક્તિ હાજર થયેલ નથી કે કોઈ રજુઆત પણ મળેલ નથી. જેથી તા:- ૨૨-૦૧-૨૦૨૨ ના રોજ MOV-11નો આદેશ પસાર કરવામાં આવેલ. સદરહુ પસાર કરવામાં આવેલ જપ્તી આદેશ અન્વયે માલ તથા વાહનના કોન્ફીકેશન અન્વયે માલના માલિક(સપ્લાયર કે રીસીવર ) હાજર થયેલ નથી પરંતુ આ આદેશ અન્વયે ટ્રાન્સપોર્ટર દ્વારા વાહનનો દંડ(Conveyance Fine) ભરપાઈ થતાં કરતાં વાહન અત્રેથી મુક્ત કરેલ છે અને CGST ACT 2017ની કલમ-130 અન્વયે માલને રાજ્યસાત કરવામાં આવેલ છે. વધુમાં વાહનમાંથી ઊતારેલ ઉક્ત માલને ભિલાડ મોબાઈલ સ્ક્વોડ કંપાઉન્ડ, ભિલાડ, તા.-ઉમરગામ, જી-વલસાડ ખાતે રાખેલ છે. સદર સ્વસ્તિક બ્રાન્ડ તપકીર( છીંકણી 50 ગ્રામ પેકેટ,કુલ 1000 કિલોગ્રામ) માલ સંદર્ભે કોઇ વ્યક્તિ કે વેપારી હાજર ન થતાં માલની માલિકીનાં દાવા અર્થે તા: ૧૬-૦૬-૨૦૨૨ નાં રોજ વર્તમાનપત્રોમાં જાહેર નોટિસ આપી દિન-૭ માં માલની માલીકીના હક્ક દાવો જરૂરી પુરાવા સહિત કરવા જણાવેલ. પરંતુ સદરહું જાહેર નોટિસ અન્વયે આજ દિન સુધી કોઈ વ્યક્તિ હાજર થયેલ નથી કે આ સંદર્ભે કોઈ રજુઆત મળેલ નથી કે ઉક્ત MOV-11 સામે કોઇ અપીલ દાખલ કરેલ નથી. જેથી સદર માલ સ્વસ્તિક બ્રાન્ડ તપકીર( છીંકણી 50 ગ્રામ પેકેટ,કુલ 1000 કિલોગ્રામ) ની હવે ઓનલાઇન જાહેર હરાજી કરવાની થાય છે. આમ, સદરહુ માલની ઓનલાઇન જાહેર હરાજી કરવાનું ઠરાવેલ છે.

સદરહુ આદેશ હેઠળનો નીચે દર્શાવ્યા મુજબની વિગતનો જપ્ત કરેલ માલ સરકારી આવકના હિતમાં ઓનલાઇન જાહેર હરાજીપાત્ર થતાં અને તેમ કરવાનું ઠરાવતાં આ જાહેરનામાથી જણાવવામાં આવે છે કે, **તારીખ: ૧૫/૦૭/૨૦૨૨ નાં રોજ બપોરના ૧૫:૦૦ કલાકથી ૧૭:૦૦ કલાક** સુધી ઓનલાઇન જાહેર હરાજી દ્વારા નીચે દર્શાવ્યા મુજબની વિગતનો માલ જાહેર હરાજી કરીને સૌથી વધારે રકમથી માંગણી કરનારને પહેલાથી ઠરાવેલી રકમની જે શરતો હોય છે અને બીજી જે શરતો આ સાથે દર્શાવવામાં આવી શરતોએ ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ, ૨૦૧૭ ની કલમ-૧૩૦ અન્વયે જાહેર હરાજીથી વેચવામાં આવશે તેમજ હરાજીને પરિણામે ઉપજતી રકમ સરકારશ્રીની તિજોરીમાં જમા કરાવવામાં આવશે.

સદરહુ ઓનલાઇન જાહેર હરાજીની પ્રક્રિયા **તારીખ: ૧૫/૦૭/૨૦૨૨ નાં રોજ બપોરના ૧૫:૦૦ કલાકથી ૧૭:૦૦ કલાક** સુધીમાં ઈ-ઓકશનથી પૂર્ણ કરવામાં આવશે, જેની વિગત નીચે મુજબ છે:.

| ઇ-ઓક્શન તારીખ: ૧૫/૦૭/૨૦૨૨ નાં રોજ ૧૫:૦૦ કલાકથી ૧૭:૦૦ કલાક | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | જાહેર હરાજીમાં મૂકવામાં આવેલ માલની વિગત | માલનો કુલ જથ્થો | કુલ જથ્થાની અપ સેટ વેલ્યુ(વેરા સિવાય) રૂ. | ઇન્ક્રીમેન્ટ ફેકટર વેલ્યુ રૂ. | EMD (અર્નેસ્ટ મની ડિપોઝીટ) રૂ. |
| ૧ | સ્વસ્તિક બ્રાન્ડ તપકીર( છીંકણી 50 ગ્રામ પેકેટ) | કુલ 1000 કિલોગ્રામ | ૩,૮૦,૦૦૦/- | ૫,૦૦૦/- | ૪૦,૦૦૦/- |



Scanned with CamScanner

**<u>હરાજી ની શરતો:</u>**

1. ઉપરોકત દર્શાવ્યા મુજબના સમગ્ર માલની એક જ લોટ પેટે હરાજી કરવામા આવશે. હરાજીમાં ભાગ લેવા માટે અર્નેસ્ટ મની ડીપોઝીટ તરીકે રૂ. ૪૦,૦૦૦/- નો **<u>ડીમાન્ડ ડ્રાફ્ટ STATE BANK OF INDIA A/c STATE TAX ના નામનો PAYABLE AT SURAT</u>**નો ડ્રાફ્ટ અત્રેની કચેરીમાં રજુ કરનાર વ્યકિત વેપારીએ DIGITAL SIGNATURE CERTIFICATE મેળવી લેવાનું રહેશે. તેમજ (n)code solution ની વેબ સાઇટ ઉપર USER ID બનાવી જાહેર હરાજી કરનાર સત્તાધિકારીને તા. ૧૩/૦૭/૨૦૨૨ સાંજના ૧૮-00 કલાક સુધીમાં E.M.D. (અર્નેસ્ટ મની ડીપોઝીટ) સાથે જ આપવાનું રહેશે. DIGITAL SIGNATURE CERTIFICATE ધરાવતા ન હોય તેવી વ્યક્તિ/વેપારીશ્રી હરાજીમાં ભાગ લઇ શકશે નહી.

2. જે વ્યક્તિ વેપારીશ્રી GST કાયદા અન્વયે રજીસ્ટ્રેશન (GSTIN) ધરાવતા હોય તે વ્યક્તિ વેપારીશ્રી જ જાહેર ઓનલાઇન હરાજીમાં ભાગ લઇ શકશે.

3. વેપારીશ્રીએ કુલ તમામ આઇટમ ધ્યાને લઇ સમગ્ર જથ્થાની જ ઓનલાઇન બોલી બોલવાની રહેશે.

4. ઓન-લાઇન જાહેર હરાજીપાત્ર માલની ચકાસણી અર્થેનો સમય **<u>તા. ૧૧/૦૭/૨૦૨૨ ના રોજ ૧૨-૦૦ થી ૧૫-૦૦ કલાક</u>** દરમ્યાનનો રાખેલ છે. જે કોઇ વ્યક્તિ, વેપારી હરાજી માટે રાખેલ માલ જોવાની ઇચ્છા ધરાવતા હોય તેમણે શ્રી એચ.એ.રાણા, રાજયવેરા અધિકારી(1), ભિલાડ મોબાઇલ સ્કવોર્ડ, ભિલાડ,તા-ઉમરગામ, જી. વલસાડ, **<u>મો- 99040 39627</u>** ખાતે સંપર્ક સાધવાનો રહેશે તથા માલ જોવાનું સ્થળ "ભિલાડ મોબાઈલ સ્કવોડ કંપાઉન્ડ, ભિલાડ, તા.-ઉમરગામ, જી-વલસાડ" ખાતે આવવાનું રહેશે.

5. ઓનલાઇન હરાજીમાં સમાવિષ્ટ કરેલ કોઇ પણ માલની કોઇ વોરંટી/ગેરંટી રહેશે નહી. આથી હરાજીમાં ભાગ લેનારે હરાજીપાત્ર માલ જે સ્થિતીમાં "જયાં છે, જેમ છે" તે હાલતમાં ગુણવતાં તથા જથ્થાની ભૌતિક ચકાસણી સ્વયં (પોતે) કરવાની રહેશે. ત્યારબાદ અત્રેના વિભાગની કોઇપણ માલ બાબતેની કોઇ પણ જાતની જવાબદારી રહેશે નહી. માલની હરાજી "AS IS WHERE IS AND NO COMPLAINT" ના ધોરણે હોઇ હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિ વેપારીએ માલની ભૌતિક ચકાસણી અને ગુણવત્તાની ખરાઇ કરવાની રહેશે. આ માટે નીચેનો સિધ્ધાંત ધ્યાને લેવાનો રહેશે:

"PLEA OR MISUNDERSTANDING OR IGNORANCE OR CONDITIONS PUT FORTH SUBSEQUENT TO ANY CONFIRMATION OF SALE SHALL BE ACCEPTED THE PRINCIPAL OF
"CAVEAT EMPTOR" (LET THE BUYER BEWARE) WILL APPLY"

6. શરતી દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહિ તથા ધ્યાને પણ લેવામાં આવશે નહિ.

7. માલની **<u>ઓનલાઇન જાહેર હરાજીની પ્રક્રિયા તારીખ: ૧૫/૦૭/૨૦૨૨ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકથી ૧૭:૦૦ કલાક સુધી https://e-auction.nprocure.com વેબસાઇટ પર નીચે જણાવ્યા મુજબ ઓકશનની પ્રકીયા હાથ ધરાવશે. User-Id https://e-auction.nprocure.com વેબસાઇટ અનુસારનું બનાવવાનું રહેશે.</u>**



Scanned with CamScanner

ઉપર જણાવેલ ઓકશનનો સમય ૧૨૦ મિનિટનો રહેશે. પરંતુ છેલ્લી ૨ મિનિટ દરમ્યાન કોઇ બીડ બોલી આવશે તો ૩ મિનિટ હરાજી લંબાવવામાં આવશે આવુ જ્યાં સુધી લોટમાં બીડ આવશે ત્યાં સુધી એક્સ્ટેન્શન આપવામાં આવશે.

8. ઓનલાઇન જાહેર હરાજીમાં ભાગ લેવા માંગતા કોઇપણ વ્યક્તિ વેપારીશ્રીએ (n) code Solution ના હેલ્પલાઇન ફોન નંબર 7359 021 663 ઉપર સંપર્ક કરવાનો રહેશે.

9. અર્નેસ્ટ મની ડીપોઝીટ પેટે રૂા. ૪૦,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ **STATE BANK OF INDIA A/C STATE TAX** ના નામનો **PAYABLE AT SURAT** નો ડ્રાફ્ટ <u>તા.૧૩/૦૭/૨૦૨૨ સાંજના ૧૮-૦૦ કલાક</u> સુધીમાં અત્રેની કચેરીએ જમા કરાવવાનો રહેશે.

10. ઓનલાઇન જાહેર હરાજી કરનાર સત્તાધિકારી હરાજીની બોલીના સમયમાં ફેરફાર કરી શકશે. તેમજ મોકુફ પણ રાખી શકશે. અંતિમ બોલી સ્વીકારવાનો, નામંજુર કરવાનો કે રદ કરવાનો અધિકાર જાહેર હરાજી કરનાર સત્તાધિકારી પાસે રહેશે.

**11. ઓનલાઈન જાહેર હરાજી સમગ્ર માલની એકજ લોટ તરીકે કરવામા આવતી હોઇ બોલીની રકમ ઉપર અપસેટ પ્રાઇઝના પ્રમાણ સર (Ratio Base) GST/CESS/OTHER TAXES લાગુ પડતા દરે અલગથી ભરી આપવાના રહેશે.**

12. ઓનલાઇન જાહેર હરાજીની પ્રક્રિયા જે કામકાજના દિવસે પુર્ણ થાય તે પછીના કામકાજના દિન-૩ (ત્રણ) સુધીમાં જાહેર હરાજીમાં સફળ રહેલ વ્યક્તિ વેપારીએ હરાજીના અંતે નિયત થયેલ રકમમાંથી અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ બાદ કર્યા પછીની રકમ નો ડ્રાફટ જમા કરાવવાનો રહેશે. સદરહું EMD સહીતની તમામ રકમ સરકારશ્રીની તિજોરીમાં જમા કરાવવામાં આવશે. અથવા સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક:૦૪/૨૦૧૭ તા.૩૦/૦૬/૨૦૧૭ સાથે જાહેર નામાં ક્રમાંક. ૧૦૭ તા.૧૩/૧૦/૨૦૧૭ ની નોંધ-૬ ધ્યાને લેતાં સદરહું માલ ઉપર લાગુ પડતાં વેરા SGST, CGST, CESS વગેરે રકમ ભરપાઇ થયા બાદ જ માલની ડીલીવરી આપવામાં આવશે અને હરાજીમાં સફળ ના રહેલ હોય તેવા વ્યક્તિ વેપારીશ્રીને તેમની અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે. પરંતુ હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિ/વેપારી જાહેર હરાજીમાં સફળ થયેલ હોવા છતાં ત્રણ દિવસ સુધીમાં પૂરેપૂરી રકમનો ડ્રાફ્ટ/ચલણ જમા કરાવે નહિ તો તેઓએ ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવશે.

13. આ માલ જે સ્થળે રાખેલ છે તે સ્થળ એટલે કે ભિલાડ મોબાઈલ સ્ક્વોડ કંપાઉન્ડ, ભિલાડ, તા. -ઉમરગામ, જી-વલસાડ છે. જાહેર હરાજીમાં સફળ રહેલ વ્યક્તિ/વેપારીશ્રીને ઉપરોકત તમામ શરતોને આધિન ડીલીવરી આપવામાં આવશે અને સદરહું સ્થળેથી પોતાના સ્થળે લઇ જવાની તમામ વ્યવસ્થા સદરહું વ્યક્તિ/વેપારીશ્રીએ પોતાના ખર્ચે કરવાની રહેશે.

14. ઓનલાઇન જાહેર હરાજી કરનાર સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.



Scanned with CamScanner

15. Subject to SURAT jurisdiction only.

-Sd-

( એચ.એ.રાણા )

રાજ્ય વેરા અધિકારી(૧)

ભિલાડ મોબાઇલ સ્કવોડ (અન્વેષણ-વાપી),

વિભાગ-૮, સુરત

**નકલ સવિનય રવાના:-.**

1. મા. સંયુકત રાજયવેરા કમિશનરશ્રી, વિભાગ-૮, સુરત તરફ સાદર જાણ સારૂ
2 મે. નાયબ રાજયવેરા કમિશનરશ્રી, અન્વેષણ-વાપી, વિ-૮, સુરત તરફ સાદર જાણ સારૂ
3. નોટીસ બોર્ડ, રાજ્યકર ભવન, નાનપુરા, સુરત
4 નોટીસ બોર્ડ, ના.રા.વે.ક. શ્રી, અન્વેષણ-વાપી, વિ-૮, સુરત
5 ઇ-ગર્વનન્સ શાખાને વેબસાઈટ ઉપર પ્રસિધ્ધિ કરવા સારૂ
6. (N) Code Solution, GNFC ટાવર, એસ.જી. હાઇવે, બોડકદેવ, અમદાવાદ

H.A.Rana

( એચ.એ.રાણા )

રાજ્ય વેરા અધિકારી(૧)

ભિલાડ મોબાઇલ સ્કવોડ (અન્વેષણ-વાપી),

વિભાગ-૮, સુરત



Scanned with CamScanner